# “અલ નીનોનો સામનો કરવાની વ્યુહરચના, સાપ્તાહિક બેઠકો યોજાશે”: કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ



## “અલ નીનોથી વધુ પ્રભાવિત થવાની સંભાવના ધરાવતા જિલ્લાઓ પર વિશેષ દયાન આપવામાં આવશે અને જિલ્લા મેજિસ્ટ્રેટ્સની બેઠકો યોજાશે”: શ્રી શિવરાજ સિંહ

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તેમજ ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં કૃષિ ભવન ખાતે એક ઉચ્ચ સ્તરીય સાપ્તાહિક કૃષિ સમીક્ષા બેઠક યોજી હતી અને ખરીફ ૨૦૨૬ની સિઝન માટે દેશભરમાં કરાયેલી તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી. આ સાથે, સંભવિત અલ નીનોની સ્થિતિના સંદર્ભમાં, તેમણે કપાસનું ઉત્પાદન વધારવા, કઠોળમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા અને ઓછો વરસાદ ધરાવતા જિલ્લાઓ માટે અગાઉથી યોજનાઓ તૈયાર કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો અને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોના હિતોનું રક્ષણ કરવું એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ બેઠકમાં એ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું કે સિઝન દરમિયાન ઊભી થઈ શકે તેવી કોઈપણ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓથી કૃષિ અને ખેડૂતોને બચાવવા માટે તમામ જરૂરી પગલાં અગાઉથી જ લેવામાં આવે. બેઠકમાં સંભવિત અલ નીનોની સ્થિતિ વિશે ચર્ચા કરતી વખતે, કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સ્પષ્ટ નિર્દેશો આપ્યા હતા કે જે જિલ્લાઓમાં ઓછો વરસાદ અથવા અસમાન વરસાદ થવાની સંભાવના છે ત્યાં અગાઉથી સંપૂર્ણ તૈયારીઓ કરી લેવી જોઈએ. તેમણે કહ્યું કે આવા જિલ્લાઓની સ્પષ્ટ ઓળખ થવી જોઈએ અને રાજ્ય સરકારો સાથે સંકલન કરીને પાકવાર આકસ્મિક યોજનાઓ તૈયાર કરવી જોઈએ જેથી હવામાનના કોઈપણ પડકારની સ્થિતિમાં ખેડૂતોને તાત્કાલિક વિકલ્પો, સલાહ અને સહાય પૂરી પાડી શકાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જળ સંરક્ષણ, ભેજ વ્યવસ્થાપન, આંતર-પાક પદ્ધતિ અને વૈકલ્પિક પાક પદ્ધતિઓ પર વિશેષ ધ્યાન આપવું જોઈએ અને દરેક જોખમ ધરાવતા જિલ્લા માટે એક અલગ અને વ્યવહારુ વ્યુહરચના બનાવવી જોઈએ જેથી ખરીફ સિઝન દરમિયાન ખેડૂતોને કોઈ મુશ્કેલીનો સામનો ન કરવો પડે અને તેઓ કોઈપણ મોટી સમસ્યા વિના પોતાની ખેતીની પ્રવૃત્તિઓ સુચારૂ રીતે ચાલુ રાખી શકે. શ્રી શિવરાજ સિંહ ચૌહાણે એવા ૯-૧૦ રાજ્યો જ્યાં અલ નીનોની અસર પ્રમાણમાં વધુ હોઈ શકે છે, ત્યાં ઓળખાયેલા જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ્સ, કૃષિ વિભાગો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (KVKs) અને અન્ય વિસ્તરણ પ્રણાલીઓ સાથે સંકલિત બેઠકો યોજવા માટે પણ નિર્દેશ આપ્યા હતા. તેમણે કહ્યું કે આ બેઠકોમાં જિલ્લા કક્ષાની સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ થવી જોઈએ અને ખેડૂતોમાં જાગૃતિ અભિયાનો ચલાવવા જોઈએ જેથી દરેક ખેડૂત જાણી શકે કે તેના વિસ્તાર માટે કઈ સાવચેતીઓ અને કયા પાકના વિકલ્પો વધુ સુરક્ષિત છે. શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે ભયને અતિશયોક્તિ પૂર્વક રજૂ કરવાને બદલે, વૈજ્ઞાનિક વિશ્લેષણ પર આધારિત શાંત, ભરોસાપાત્ર અને ઉકેલલક્ષી સંદેશ ખેડૂતો સુધી પહોંચવો જોઈએ, અને આ જ સરકારની પ્રાથમિકતા છે. આ અભિગમ ખેડૂતોમાં આત્મવિશ્વાસ વધારવામાં અને આગામી સિઝન માટે બહેતર સજ્જતા સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. ખરીફ ૨૦૨૬ માટે પાકવાર લક્ષ્યાંકો, વાવણીની પ્રગતિ અને રાજ્યવાર તૈયારીઓની સમીક્ષા દરમિયાન, કપાસનું ઉત્પાદન વધારવા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. શ્રી શિવરાજ સિંહ ચૌહાણે વૈજ્ઞાનિક પદ્ધતિઓ, યોગ્ય જાતોની પસંદગી, આંતર-પાક પદ્ધતિ, મલ્ચિંગ અને ભેજ સંરક્ષણના પગલાંને મોટા પાયે પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો જેથી કપાસની ઉત્પાદકતા અને આવક બંનેમાં નોંધપાત્ર સુધારો થાય. તેમણે અધિકારીઓને આ હેતુ માટે મિશન મોડમાં કામ કરવા અને આ સિઝનમાં કપાસનું ઉત્પાદન વધારવા માટે તમામ સંભવિત પગલાં સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો જેથી ખેડૂતોને તેમના પ્રયાસોનું બહેતર વળતર મળી શકે. કઠોળ મિશનમાં આત્મનિર્ભરતા અંગે પણ વિગતવાર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહે માહિતી આપી હતી કે સરકારનો પ્રયાસ તુવેર, અડદ અને મગ જેવી કઠોળમાં દેશને વધુ આત્મનિર્ભર બનાવવાનો અને આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો છે. આ માટે, રાજ્યો સાથે સંકલન કરીને પાક ચક્ર, વિસ્તાર વિસ્તરણ, બહેતર બિયારણની ઉપલબ્ધતા અને તકનીકી માર્ગદર્શન પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે જેથી ખેડૂતો સુરક્ષિત આવકની સાથે કઠોળનું ઉત્પાદન વધારી શકે. આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને કઠોળના સ્થાનિક ઉત્પાદનને ટકાઉ રીતે મજબૂત કરવા માટે આ મિશન ખૂબ જ મહત્વપૂર્ણ છે. સમીક્ષા દરમિયાન ખાતરની ઉપલબ્ધતા, બજારમાં મંડીના ભાવો, જળાશયો અને પાણીના સંગ્રહની સ્થિતિ તેમજ રાજ્યવાર સ્ટોક અંગેની માહિતી પણ રજૂ કરવામાં આવી હતી. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્તરે ખાતર ઉપલબ્ધ છે અને જેમ જેમ ચોમાસાની ગતિ વધશે તેમ તેમ રાજ્યો અને જિલ્લાઓમાં પુરવઠો વધુ કાર્યક્ષમ બનાવવામાં આવશે. આ માટે તેમણે અધિકારીઓને નિર્દેશો આપ્યા હતા અને એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે જ્યાં પણ સૂક્ષ્મ સ્તરે અછતની કોઈ પણ શક્યતા હોય, ત્યાં અગાઉથી પુરવઠો સુનિશ્ચિત કરવો જોઈએ જેથી ખેડૂતોને ખેતીની સિઝનના કોઈપણ તબક્કે કોઈ મુશ્કેલી ન પડે અને તેઓ ચિંતામુક્ત થઈને પોતાની પ્રવૃત્તિઓ કરી શકે. કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે કૃષિ યુનિવર્સિટીઓ, ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) સંલગ્ન સંસ્થાઓ, કેવીકે (KVKs) અને રાજ્યના કૃષિ વિભાગો વચ્ચે બહેતર સંકલન પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે તકનીકી જ્ઞાન ત્યારે જ સાર્થક બને છે જ્યારે તે સમયસર ખેતરો સુધી પહોંચે અને ખેડૂતો તેને સરળતાથી અપનાવીને તેનો લાભ લઈ શકે. તેમણે અધિકારીઓને જણાવ્યું હતું કે સતત સંવાદ, નિયમિત સમીક્ષા અને ગ્રાઉન્ડ લેવલના ફીડબેક દ્વારા જ ખરીફ ૨૦૨૬ ની સિઝનને સુરક્ષિત અને સફળ બનાવી શકાય છે. આ સંકલન સિઝનની એકંદર સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવશે અને દેશભરના ખેડૂતો માટે સમયસર અને અસરકારક રીતે બહેતર પરિણામો મેળવવામાં મદદ કરશે.

# પાલનપુર ખાતે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની પ્રેરક ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાનું ‘વિકસિત ભારત સંકલ્પ સંમેલન’ યોજાયું

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૪૦ કરોડ ભારતીયોના કલ્યાણ માટે અવિરત કાર્ય કરી રહ્યા છે અને વિકસિત ભારતના નિર્માણ માટે દેશને નવી દિશા આપી રહ્યા છેઃ- પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ




### પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અને આયુષ્માન ભારત જેવી યોજનાઓ સરકારની જનકલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છેઃ- પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ

### વિકાસની સાથે ભારતની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિરાસતનું જતન કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કામ કરી રહ્યા છે :- મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

કમલમ્,પાલનપુર

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના’ અભિયાન અંતર્ગત પાલનપુર ખાતે જિલ્લા કક્ષાનું વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું હતું. બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૭૫ વર્ષની વયે પણ ૧૪૦ કરોડ ભારતીયોના કલ્યાણ માટે સતત કાર્યરત છે. તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ અને અવિરત પરિશ્રમના કારણે ભારત આજે વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત અને ગુજરાત સેવા, પરોપકાર અને અન્નદાનની પવિત્ર પરંપરાની ભૂમિ છે. કોરોના મહામારીના કપરા સમયમાં કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા ૮૧ કરોડથી વધુ લોકોને મફત અનાજ પહોંચાડીને અન્ન સુરક્ષાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું હતું. સાથે જ આયુષ્માન ભારત યોજના દ્વારા કરોડો પરિવારોને આરોગ્ય સુરક્ષાનું કવચ પ્રાપ્ત થયું છે, જે સરકારની જનકલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ છે. મંત્રીશ્રીએ જણાવ્યુંકે, વીજળી, પાણી, આવાસ અને આર્થિક સશક્તિકરણના ક્ષેત્રોમાં છેલ્લા વર્ષોમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડાઓમાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ બની છે, જ્યારે જલ જીવન મિશન હેઠળ કરોડો પરિવારોના ઘરો સુધી નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કરોડો પરિવારોને ઘર મળ્યાં છે અને જનધન યોજના દ્વારા ૫૬ કરોડથી વધુ બેંક ખાતાં ખોલાવીને નાણાકીય સમાવેશને વેગ મળ્યો છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આશરે ૨૫ કરોડ લોકોને ગરીબી રેખામાંથી બહાર લાવવાનું કાર્ય પણ શક્ય બન્યું છે. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે. આ સંકલ્પ માત્ર આર્થિક વિકાસ પૂરતો મર્યાદિત નથી, પરંતુ ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને જાળવી રાખીને સર્વાંગી વિકાસ હાંસલ કરવાનો છે. “એક પેડ માંના નામે” જેવા અભિયાનો દ્વારા સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે પરિવાર અને સંસ્કારો સાથેનો ભાવનાત્મક સંબંધ પણ મજબૂત કરવામાં આવી રહ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના, આયુષ્માન ભારત યોજના, જનધન યોજના, જલ જીવન મિશન અને પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેક લોકકલ્યાણકારી યોજનાઓએ કરોડો લોકોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન લાવ્યું છે. તેમણે નાગરિકોને સ્વચ્છતા, વૃક્ષારોપણ, જળ સંરક્ષણ અને સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ જેવા જનઆંદોલનોમાં સક્રિયપણે જોડાવા અપીલ કરી હતી. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી મયંકભાઈ નાયકે જણાવ્યું હતું કે, ગુજરાત અને દેશના લોકો છેલ્લા પચ્ચીસ વર્ષથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસલક્ષી નેતૃત્વના સાક્ષી રહ્યા છે. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી શરૂ થયેલી વિકાસયાત્રાએ ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યના પાણી, માર્ગ, કૃષિ અને માળખાકીય સુવિધાઓના ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે. વડાપ્રધાનશ્રીની કાર્યશૈલીની વિશેષતા એ છે કે તેઓ લોકોની જરૂરિયાતોને સમજીને યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે, જેના પરિણામે આજે દેશના કરોડો નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદશ્રી બાબુભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, ધાનેરાના ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈ, અગ્રણીશ્રી કીર્તિસિંહ વાઘેલા, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. જે. દવે, વિવિધ વિભાગોના અધિકારીઓ, સહકાર ક્ષેત્રના અગ્રણીઓ તથા બહોળી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદ ખાતે મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ વ પ્રદર્શનનું આયોજન કરાયું

## આરોગ્ય, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી સમયની માંગઃ- મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોર



### ખેતી ખર્ચ ઘટાડી આવક વધારવા દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ તરફ વળવા મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરની ખેડૂતોને અપીલ કરાઈ

કમલમ્,થરાદ

૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના અભિયાન અંતર્ગત વાવ-થરાદ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજરોજ થરાદ સ્થિત એ.પી.એમ.સી. હોલ ખાતે રાજ્યના ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ વ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વાવ-થરાદ જિલ્લાના ખેડૂતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, આરોગ્ય, જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી સમયની માંગ છે. તેમણે ખેડૂતોને રાસાયણિક ખાતરો, જંતુનાશક અને ફૂગનાશક દવાઓનો ઉપયોગ ઘટાડીને દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધવા અપીલ કરી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદનમાં ગુણવત્તા વધે છે તેમજ ખેતી ખર્ચમાં ઘટાડો થવાથી ખેડૂતોની આવકમાં વધારો થાય છે તેમ જણાવ્યું હતું. મંત્રીશ્રી અને મહાનુભાવોએ પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. કાર્યક્રમ દરમિયાન વાવ-થરાદ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત વિવિધ કૃષિ પેદાશોના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતો દ્વારા સ્ટોલોની મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડેલો અને ઉત્પાદનોની માહિતી મેળવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ખેડૂતો, પદાધિકારીઓ અને અધિકારીઓએ ખેતીમાં ઉપયોગમાં લેવાતા રાસાયણિક ખાતરો, જંતુનાશક તથા ફૂગનાશક દવાઓનો ઉપયોગ બંધ કરી દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે થરાદ એ.પી.એમ.સી.ના ચેરમેન શ્રી શૈલેષ પટેલ, જિલ્લા અગ્રણી શ્રી નરેશજી ઠાકોર, શ્રી ગુમાનસિંહ ચૌહાણ, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી એચ.જે. જિંદાલ, સંબંધિત વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જીલ્લા ભાજપા દ્વારા વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું

## વકતા તરીકે. સુરતના સાંસદ મુકેશભાઈ દલાલ અને પ્રદેશ ઉપપ્રમુખ ઝંખના બેન પટેલ માર્ગ દર્શન આપ્યું.



કમલમ્,બારડોલી

સુરત જીલ્લા ભાજપા દ્વારા અવિરત ૧૨ વર્ષ વિશ્વાસ વિકાસ અને જન કલ્યાણના અભિયાન" અંતર્ગત જિલ્લા સ્તરીય વિકસિત ભારત સંકલ્પ સંમેલન બારડોલી સરદાર પટેલ ટાઉન હોલ ખાતે યોજાયું હતું. જેમાં વકતા તરીકે. સુરતના સાંસદ મુકેશભાઈ દલાલ અને પ્રદેશ ઉપપ્રમુખ ઝંખના બેન પટેલ માર્ગ દર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જીલ્લા પ્રમુખશ્રી ભરત ભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ વકતા શ્રી મુકેશ ભાઈ દલાલએ જણાવ્યુંહતું કે. રાજકારણ અને ટ્રેન બન્ને સરખા હોય છે.ધક્કો મારી ને જગ્યા કરો. ત્યાર બાદ વધુ માં કોંગ્રેસ પર તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે. વર્ષ ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયા પછી કોંગ્રેસના શાસન દરમિયાન દેશની જનતાએ જે ગરીબી ,દુર્દશા, જોઈ છે.તેની કોઈ કલ્પના કરી નથી. દેશની આર્થિક સ્થિતિ,વિદેશ નીતિ, જીડીપી, એગ્રીકલ્ચર, તેમજ સેક્ટર માંવિકટ પરિસ્થિતિ હતી. ત્યાર બાદ કેન્દ્ર માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેજા હેઠળ ભાજપા સમર્થિત એનડીએ, સરકાર શાસનમાં આવ્યા બાદ ૩૭૦ કલમ,રામ મંદિર નિર્માણ, UCC,ટ્રિપલ તલાક, જેવા જનહિતમાં ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા છે. વૈશ્વિક બજારમાં gdp 7.8 ટકા ગ્રોથ છે. એગ્રીકલ્ચર માં પ્રાકૃતિક ખેતી પર ભાર મૂક્યો છે.દ્ધ કિસાન યોજના અંતર્ગત ૪.૫ કરોડ ખેડૂતોને સહાય આપી છે.૨.૨૦ લાખ નવા સ્ટાર્ટ અપ થયા છે.- ૯ લાખ કરોડ લોકો વંદે ભારતમાં પ્રવાસ કર્યો છે.

- મેટ્રો રેલવે દેશ માં પહેલા ૫ અને હવે ૨૬ શહેર માં છે.
- બુલેટ ટ્રેન - દિલ્હી થી મુંબઈ એક્સપ્રેસ હાઈવે, - એરપોર્ટ વધશે, ગુડ્સ ટ્રેન મુંબઈ થી દિલ્હી સુધી નો અલાયદો પ્રોજેક્ટ, યુરોપીયન દેશોમાં ફ્રી ટ્રેડ માં ૩.૨ લાખ એક્સપોર્ટ વધારો થયો છે.

૨ અમેરિકન એક્સેસ મળ્યો છે. એ મોદી હે સર કટા શકતે હે લેકિન ઝૂકી શકતા નહીં. ૨૦૧૪ થી ૨૦૨૫ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ વધ્યું છે.Fdi માટે રેડ કાર્પેટ કર્યું છે. વધુ માં અત્યાર સુધીમાં મોદી જીને ૩૨ દેશો માંથી સન્માન મળ્યું છે.અને મોદી સાહેબ માટે રેડ કાર્પેટ બિછાવી દીધી છે. તેમજ ઉડાન યોજના માટે ૧.૬ કરોડ લોકો દરવર્ષે ૩ લાખ થી વધુ ફ્લાઈટ માં ઉડાન કરી રહ્યા છે. તથા આયુષ્માન કાર્ડ માં ૧૦ લાખ સહાય કરવામાં આવી.૧૯૬૨ માં ચીન યુદ્ધ માં આપણી પાસે દારૂગોળો ન હતો.સૈનિકો માટે બુલેટ કફ જેકેટ નહતો.હવે ટેક,ફાઈટર જેટ, તેજસ , રક્ષા આત્મનિર્ભર બન્યા છે. સર્ગીકલ સ્ટ્રાઈક કરી. સેટેલાઈટ સીસ્ટમ અમેલ માં મૂકી. બોફર્સ ડિફેન્સ સ્ટાર્ટ અપ, કર્યું,૧૧હજાર મહિલાઓ છે. મારા બેટા થીંગડા ઓ લેહ લદાખ પચાવી પાડ્યું છે.દેશમાં ૧૫૦ કરોડ લોકો માંથી ૨૫ કરોડ લોકોને ગરીબીની રેખામાંથી બહાર કાઢવામાં આવ્યા છે.કોંગ્રેસે તો દેશની આબરૂ વેચી નાખી. જય શ્રી રામ નો જેમણે વિરોધ કર્યો છે. તેમને બંગાળ ની ખાડી માં નાખી દીધા છે.અયોધ્યા ઝાંખી હે કાશી મથુરા બાકી હે.મહિલા ઓ માટે ૩૩ ટકા અનામત કરી. વન નેશન વન ઈલેક્શન, બીજેપી એ લોકો ને જે વચન આપ્યું તે પૂરું કર્યું છે. ત્યાર બાદ પ્રદેશ ઉપપ્રમુખ ઝંખના બેન પટેલ, વિશ્વાસ ન વિષય પર ભાર મૂક્યો હતો.અને જણાવ્યું હતું કે.સ્વચ્છ ભારત અભિયાન હાથ ધર્યું. જેથી ધાર્મિક, સ્થળો ઈચ્છા થાય.એક સંકલ્પ કર્યો.ને અમલ કરવાથી આ શક્ય બન્યું છે.જેની ભાવના થી દેશ ની દિશા અને દશા બદલાઈ છે.અને હક્કંદ્ર ના સાથથી ૨૨ અને રાજ્યો માં શાશન કરી રહ્યા છે.સરકારી હોસ્પિટલ માં દાખલ થવા ખચકાટ થતો હતો.અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવામાંઆવતી હતી.આજે સરકારી હોસ્પિટલ આધુનિક અને સગવડ વાળી સારવાર લઈ રહ્યા છે. આપણે વેસ્ટર્ન કલ્ચર અપનાવ્યું છે.અને પરદેશ માં ભારત નુ કલ્ચર અપનાવ્યું છે.

આપણી સંસ્કૃતિ નું ઘડતર નહીં કરીશું તો આગામી દિવસોમાં તકલીફ પડશે. કોવિડ ના સમય માં મોદીજી એ પહેલા લોજંકડાઉન ની જાહેરાત કરી ત્યારે લોકોએ એક જ અપીલ પર અમલ કર્યો. મોદીજીએ વેક્સીન વિકસાવી તે ૧૯, દેશો માં મોકલી ને માનવતા નું કામ કર્યું હતું.પાર્ટીના કાર્યકર્તા લોકોની વચ્ચે રહીને સેવા કરી હતી. આત્મનિર્ભર ભારત અભિયાન માં સ્થાનિક લોકોનેરોજગારી મળી, આઝાદી નો અમૃત મહોત્સવ માં દરેક શહેરોમાં સરકારી અને ખાનગી સ્થળો,ઘરોમાં દેશ નો તિરંગો ફરકાવ્યો, મોદીજી વૈશ્વિક સ્તર પર પહોંચ્યા, સર્જિકલ સ્ટ્રાઈક, એરસ્ટ્રાઈક, ઓપરેશન સિંદૂર, લોકો માટે જે યોજના બનાવી તે લોકો સુધી પહોંચાડી, ને પોતાનું દેવત્વ નિભાવ્યુંછે. આ કાર્યક્રમ મા વકતા શ્રી સાંસદ મુકેશ ભાઈ દલાલ, પ્રદેશ ઉપપ્રમુખ ઝંખના બેન પટેલ, સાંસદ પ્રભુ ભાઈ વસાવા, ધારાસભ્ય શ્રી ઈશ્વર ભાઈ પરમાર,મોહન ભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, જીલ્લા પ્રમુખ ભરત ભાઈ રાઠોડ, મહામંત્રી જગદીશભાઈ પારેખ,અંકુર ભાઈ દેસાઈ,ભાવેશ પટેલ ,કેતન પટેલ, બારડોલી નગર મહામંત્રી નિસર્ગ મહેતા , નગર પાલિકા પ્રમુખ નિલમ વ્યાસ, સુરત જિલ્લા ભાજપ હોદ્દેદારશ્રીઓ, તેમજ સૌ કાર્યકર્તા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રભારીમંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને વનમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે પોલીસ પેરેડગ્રાઉન્ડખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### પોલીસ પેરેડ ગ્રાઉન્ડ ખાતે ગૂંજ્યો પર્યાવરણનો સંદેશઃ મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને પ્રવીણભાઈ માળીએ કર્યું વૃક્ષારોપણ





કમલમ્,પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે પાલનપુર ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર ‘એક પેડ માં કે નામ ૩.૦’ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ બનાસકાંઠાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલ અને વન તથા પર્યાવરણ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પર્યાવરણ સંરક્ષણ એ સમયની સૌથી મોટી જરૂરિયાત હોવાથી માત્ર વૃક્ષારોપણ જ નહીં પરંતુ તેનું જતન કરવું પણ એટલું જ જરૂરી છે. એક પેડ માં કે નામ ૩.૦’ અભિયાન કાર્યક્રમ અંતર્ગત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. માત્ર વૃક્ષો વાવવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ વાવેલા વૃક્ષોના ઉછેર, જતન અને સંરક્ષણ સાથે જોડાયેલ એક જનઆંદોલન છે. પર્યાવરણનું સંરક્ષણ, કુદરતી સંસાધનોનું જતન અને હરિયાળીનું સંવર્ધન કરીને આવનારી પેઢી માટે સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ પર્યાવરણનું નિર્માણ કરવું એ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ છે. આ પ્રસંગે રાજ્ય સભાના સાંસદશ્રીઓ અનુક્રમે શ્રી બાબુભાઈ દેસાઈ, શ્રી મયંક નાયક, પાલનપુર ધારાસભ્ય શ્રી અનિકેત ઠાકર, ધાનેરા ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, સંગઠનના આગેવાન શ્રી કીર્તિસિંહ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. જે. દવે, પોલીસ અધિક્ષક શ્રી પ્રશાંત સુંબે, વન વિભાગના અધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, સામાજિક વનીકરણ વિભાગના અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

